R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 20•ISSUE: 08 DATE: 20-02-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## જવાહરલાલ નહેરુ યુનીવરસીટીમાં ચાલી રહેલા વિવાદમાં ધરપકડ કરાયેલ વિદ્યાર્થી નેતા કનૈયાકુમાર જ્યુડિસીયલ કસ્ટડીમાં મોકલાયા



જેએનયુના વિદ્યાર્થી નેતા કનૈયાકુમારની દિલ્હી પોલીસે રાજદ્રોહના આરોપસર ધરપકડ કરી હતી.પતિયાલા કોર્ટે તેને જ્યુડીસીયલ કસ્ટડીમાં મોકલી આપેલ છે.તેણે જામીન માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલ છે. પરંતુ સુપ્રીમ કોર્ટે જામીન માટે હાઈકોર્ટમાં જવા માટે સુચન કર્યુ હતું.સુપ્રીમ કરેલ અન્ય આદેશ મુજબ કનૈયાને પુરતી સુરક્ષા પ્રદાન કરવા માટે સુચના આપી હતી.જો કે આ બાબતે મધ્યસ્થી કરવા માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને કેટલાક વિપક્ષી નેતાઓ રાષ્ટ્રપતિને મળ્યા હતા અને આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા ભલામણ કરી હતી.

દેશમાં વિદ્યાર્થી સંગઠનો દ્વારા કનૈયાકુમાર સાથે થઈ રહેલ બાબતો અંગે નારાજગી વ્યક્ત કરતાં દેખાવો કરવામાં આવ્યા હતા.વિશ્વની અનેક યુની.ઓના પ્રોફસરો,અધ્યાપકો દ્વારા પર આ બાબતને વખોડી કાઢવામાં આવી હતી.પાડોશી દેશ પાકિસ્તાનમાં થઈ રહેલ ચર્ચાઓ મુજબ ભારતીય જનતાને ભાજપ સરકાનો અસલી ચહેરો જોવા મળ્યો છે.ધ ન્યુઝમાં જણાવાયું હતું કે ફરી એક વખત ભારતમાં ભાજપ સરકારની વાસ્તવિકતા પરથી પડદો ઉચકાઈ ગયો છે.ભારતના સેક્યુલર બુધ્ધિજીવી અરુધંતિ રોય અને પ્રફુલ્લ બીડવાઈએ પણ ભારત સરકાર દ્વારા અસહમતીનો અવાજ દબાવી દેવાનો વિરોધ કર્યો હતો.

કનૈયાકુમાર સામે કાયદાપાલિકામાં ન્યાય માટે લઈ જવાતાં કાયદાના રક્ષકો મનાતા વકીલોએ ખુબજ ગંભીર પ્રકારની મારપીટ કરી હતી.પોલીસ મુક પ્રેક્ષક બની રહી તેનો અર્થ સમજી શકાય તેમ છે.સત્તાધીશોની દોરવણી વગર આવું કાર્ય બની શકે નહી.

કનૈયા પર એક હિન્દી ચેનલ દ્વારા યુની.ના વિવાદાસ્પદ ઈવેન્ટની વિડીયો ક્લીપ ના આધારે રાષ્ટ્રદ્રોહનો આરોપ મુકવામાં આવ્યો છે.કાર્યક્રમના બે દિવસ બાદ પોલીસે વીડીયો ક્લીપ મેળવીને આ પગલું ભર્યુ હતું.જાણવાની વાત એ છે કે આ ઈવેન્ટમાં પોલીસ કર્મીઓ પણ હાજર હતા પરંતુ તેમને ફરિયાદી બનાવવામાં આવ્યા નહોતા.

સંસદ પર હુમલાના દોષિત અફઝલ ગુરુને ફાંસીને માંચડે લટકાવી દેવા સામે ડાબેરી વિદ્યાર્થી સંગઠનોએ યોજેલી ઈવેન્ટમાં ભારત વિરોધી નિવેદનો કરવા બદલા કનૈયાની૧૨ ફેબ્રુઆરીએ ધરપકડ કરાઈ હતી.જો કે જેએનયુ વિદ્યાર્થીઓનું કહેવુ છે કે કુમારે ક્યારેય આવા વાંધાજનક સુત્રો ઉચ્ચાર્યા જ નહોતા.ન્યુઝ ચેનલની ઓફીસમાં મળેલી વીડીયો કલીપના આધારે એફઆઈઆર ૧૧ ફેબ્રુઆરીએ નોંધવામાં આવી હતી.એફઆઈઆરમાં જણાવાયું છે કે ઈવેન્ટમાં સંભવિત ગરબડની માહીતી મળ્યા બાદ સાદા વસ્ત્રોમાં ત્રણ કોન્સ્ટેબલોને ત્યાં મોકલવામાં આવ્યા હતા.જો કે તાજેતરમાં ગૃહમંત્રીએ દાવો કર્યો હતો કે જેએનયુમાં અફઝલ ગુરુ તરફી સુત્રો સહિતના કાર્યક્રમને હાફિઝ સઈદનો ટેકો છે.

જો કે જેએનયુનો મુદ્દો રાજકીય રીતે ગરમી પકડી રહ્યો છે. વિપક્ષો અને વિવિધ વિદ્યાર્થી સંગઠનોએ આ બાબતે વિરોધ પ્રદર્શનો જારી કર્યા છે. તેમજ રાષ્ટ્પતિને આ મામલામાં હસ્તક્ષેપ કરીને મામલો થાળે પાડવા અપીલ પણ કરી છે.

## જે પરિવારે દેશ માટે બલિદાનો આપ્યા છે તેમણે દેશભક્તિ પુરવાર કરવાની કસોટીમાં પસાર થવાનું છે : રાહુલ ગાંધી



કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને કેટલાક કોંગ્રેસી નેતાઓ સાથે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીને મળ્યા હતા.આ મુલાકાત બાદ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રભક્તિ મારા લોહીમાં છે , મારા મનમાં છે અને અમારા પરિવારે દેશ માટે ઘણાં બલિદાન આપ્યા છે.અમારે કોઈ સર્ટીફિકેટની જરુર નથી.જેમણે દેશવિરોધી સુત્રોચ્ચાર કર્યા તેમની સામે પગલાં લેવા જોઈએ પણ આ રીતે સમગ્ર યુનીવરસીટીને બદનામ કરવામાં આવે તે અયોગ્ય છે.દેશવિરોધી કામગીરી બિલકુલ સહન ન કરી શકાય. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હાલના સમયમાં આરએસએસ પોતાની વિચારસરણી દેશના તમામ વિદ્યાર્થીઓ સુધી પહોચાડવા અને તેમના પર લાદવા માંગે છે. સંઘની આ ઈચ્છા હું ક્યારેય પુરી નહી થવા દઉ.વિદ્યાર્થીઓના વિચારોની વૈવિધ્યતાને કારણે જ આ દેશ સમૃધ્ધ છે. તેમના વિચારો પર અન્યની વિચારસરણી લાદી દેવાથી દેશને કોઈ લાભ થતો નથી.તેમણે કોર્ટ પરિસરમાં પત્રકારોની ખુલ્લેઆમ ધુલાઈ કરવામાં આવી અને પોલીસ મુક પ્રેક્ષક બની રહી આ ઘટનાને કારણે સમગ્ર દુનિયામાં દેશની છબી ખરડાઈ છે.

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જેએનયું ના મુદ્દે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી સાથે મુલાકાત કરી રીપોર્ટ આપ્યો



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જેએનયુના મુદ્દે રાષ્ટ્પતિ પ્રણવ મુકરજી સાથે મુલાકાત કરીને પોતાનો અહેવાલ સોપ્યો હતો.સરકારે અહેવાલમાં જણાવ્યું છે કે સમગ્ર મામલે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં દિલ્હી પોલીસ સદંતર નિષ્ફળ ગઈ છે.રાષ્ટ્પતિ સાથે મુલાકાત બાદ પત્રકારોને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ખરેખર જે તોફાનીઓ છે તેને પકડવા જ નથી. સરકાર સુત્રોચાર કરનારા ચાર પાંચ વિદ્યાર્થીઓને પકડી શકતી નથી તો પઠાણકોણના હુમલાના આતંકવાદીઓને કેવી રીતે પકડશે.

જે લોકો સુત્રોચાર કરતાં હતાં તેની ખરેખર ધરપકડ થવી જોઈએ.તેમણે વકીલો દ્વારા કરાયેલ તોડફોડ અને મારામારીનો વિરોધ કર્યો હતો.કેજરીવાલે જણાવ્યુ હતું કે અમે રાષ્ટ્રપતિ સામે સાચો ચિતાર રજુ કર્યો છે.અને તેમને જણાવ્યુ છે કે હાલમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કફોડી છે.અહીંયા કોઈપણ વ્યક્તિ પાકિસ્તાન તરફી સુત્રોચ્ચાર કરનારી સાથે મારપીટ કરી શકે છે. તેમણે એમ પણ જણાવ્યુ કે સરકાર અને પોલીસ શા માટે આ મુદ્દે ચુપ કેમ છે.

જો કે કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હી સરકાર સાથે ઓરમાયું વર્તન થાય છે તે બાબતે કેજરીવાલે ભારે વિરોધ કર્યો છે.તેથી તેમણે મળેલ તકોનો તેઓ ભરપુર ઉપયોગ કરીને કેન્દ્ર સરકારની ક્ષતિઓ ઉજાગર કરતા રહે છે.પરંતુ કેટલીક બાબતો ગંભીર હોય છે તેને લક્ષમાં લેવી જોઈએ.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

### ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

### ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશમાં છેલ્લા કેટલાક સમયથી જે રીત રસમો સત્તાના સુત્રો સાથે સંકળાયેલા લોકો અને તેમના સહયોગી દ્વારા એક પ્રકારની ચળવળ ચલાવાઇ રહી છે.અને તે છે કોઇ પણ કારણોસર સરકાર અને તેમની નીતિઓનો વિરોધ કરનારાઓને દેશદ્રોહી સાબિત કરવાનો પ્રયત્ન.સાહિત્યકારો,લેખકો, વૈજ્ઞાનિકો,કલાકારો,અભિનેતાઓ વિગેરેએ અસહિષ્ણુતાના મુદ્દે વિરોધ પ્રદર્શિત કરતાં અને પોતાને મળેલા માન સન્માન પરત કરતાંની સાથે તેમની પર આ કટ્ટરવાદી સંસ્થાઓના કાર્યકરો દ્વારા દેશદ્રોહી હોવાની એક ચળવળ શરુ કરવામાં આવી.પ્રચાર માધ્યમોનો સાથ સહકાર મળ્યો.ચુંટણીઓ વખતે મોટા ભાગના પ્રસાર માધ્યમોને નાણાંકીય રીતે તરફેણમાં લાવી દેવાયા હતા.તેથી ઝાઝી મહેનતની જરુર નહોતી.ત્યારબાદ એક એવુ પ્રચાર યુધ્ધ શરુ કરવામાં આવ્યું કે આ બધા પોતાની ભુલ કબુલીને પોતાના સન્માનો પરત લઇ રહ્યા છે. પરંતુ આ તો માત્ર લોકોને ગેરરસ્તે દોરવાની એક ચાલ હતી.તેમાં ઝાઝી સફળતા મળી અને લોકોના દિમાગમાં ખોટા વિચારો પેદા કરવામાં તેઓ ફાવી ગયા.

ફિલ્મ ઇન્સ્ટીટ્યુટના મુદ્દે માનવ સંશાધન મંત્રીએ મનમાની કરી અને વિદ્યાર્થીઓએ લાંબી હડતાલ કરી પરંતુ લોકશાહીનો દંભ કરનારાઓ મચક આપી નહી.ત્યાર બાદ દલિતો સાથેના વ્યવહારમાં એક વિદ્યાર્થીએ કરેલ આત્મહત્યાના મુદ્દે પણ તેઓએ અનેક ખોટી રજુઆતો કરીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો.આમ માનવ સંશાધન મંત્રાલય દ્વારા લેવાયેલ અનેક બાબતોમાં વાસ્તવમાં કેસરીયાકરણ સિવાય બીજું કશું દેખાતુ નહોતું.

ભાજપ પ્રેરિત વિદ્યાર્થી સંગઠનને યુની.ના વિસ્તારોમાં પોતાની આણ ફેલાવવા અશ્વમેઘ યજ્ઞ કરવા માટે માનવ સંશાધન મંત્રાલય અને સરકાર મદદે આવી.જેએનયુ યુની.માં બનેલી ઘટનાઓની વીડીયોમાં સ્પષ્ટ દેખાય છે કે દેશ વિરોધી સ્લોગનો કોણ પોકારતું હતુ અને તેની પાછળ એબીવીપીના આદેશ મુજબ સરકારે લગભગ કામ કર્યું.એબીવીપીના વિરોધી છાવણીના વિદ્યાર્થીઓ સામે દેશદ્રોહ જેવી સાજીશ ઉભી કરાઇ.અને જેલમાં પુરી દેવાયા.દેશના નાગરિકને પોતાને નિર્દોષ સાબિત કરવા માટે ન્યાયલયની સુવિધા બંધારણે પુરી પાડી છે ત્યાં પણ કાળા કોટવાળા ભાજપના સર્મપિત વકીલોએ કોર્ટ પરિસરમાં આતંક ફેલાવ્યો. અને જેમનું કામ રક્ષણ કરવાનું છે તે પોલીસ તેમના આકાઓના આદેશ પ્રમાણે સહુ ઘટનાને શાંતિથી જોતી રહી અને નિર્દોષ લોકોને માર પડતો રહ્યો. વિદ્યાર્થીઓ, શિક્ષકો,પત્રકારો અને ખાસ સમિતિના સભ્યો પણ હતા.તેમણે તેમનુ અજુગતુ કામ પુર્ણ કર્યું હવે બાર એસો. આ માટે ખેદ વ્યક્ત કરે છે. જેમણે આ કામ કરવાની નેતાગીરી લીધી તેમણે કોર્ટમાં માંફી માંગી અને બહાર આવી શેખી મારી કે આમજ થાય

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## નોબેલ શાંતિ પુરસ્કાર માટે આઇએસઆઇએસની ભોગ બનેલી મહિલાનો સમાવેશ

આ વખતે નોબલ શાંતિ પુરસ્કાર-૨૦૧૬ની યાદીમાં આઈએસ આઈએસ ના બળાત્કારનો ભોગ બનેલી મહિલાઓ પૈકીની એક યઝીદી મહિલા, પોપ ફ્રાંસીસ અને અફધાનિસ્તાનની મહિલા સાયકલિંગ ટીમ મુખ્ય દાવેદારો છે.આ દાવેદાર ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

પાંચ પ્રતિષ્ઠિત સભ્યોની નોર્વેજિયન નોબલ કમિટીને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે ૨૦૦થી વધુ ઉમેદવારોની યાદી મળી છે. આ કમિટિ દ્વારા છેલ્લા ૫૦ વર્ષોથી ઉમેદવારોની યાદી ગુપ્ત રાખવામાં આવે છે.આ પેનલના સભ્યો તેમનો મત ૨૯ ફેબ્રુઆરીએ જાહેર કરશે.

નોર્વેજિયન લો-મેકર ઓડન લિસ્બાકકનએ નાદીયા મુરાદ નામની યઝીદી મહિલાની પસંદગી કરી છે.નાદિયા ઈસ્લામિક સ્ટેટની જાતિય ગુલામીનો ભાગ બની ચુકી છે.

જેણે આઈએસઆઈએસના આતંકવાદીઓ દ્વારા બંધક બનાવાયેલી અન્ય મહિલાઓના અવાજ તરીકે ઊભરી આવી હતી.નોર્વેનીત સોશ્યલિસ્ટ ડાબેરી પાર્ટીના નેતા લિસ્બાક્કે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમો એવો શાંતિ પુરસ્કાર ઇચ્છીએ છીએ કે સમગ્ર વિશ્વને જાતીય હિંસા સામેના યુધ્ધમાં એક હથિયાર તરીકે જાગૃત કરે.

ડિસેમ્બરમાં મુરાદે કહ્યું હતું કે યુ.એન.ની સુરક્ષા પરિષદે મારી અને મારા જેવી અન્ય યઝીદી મહિલાઓ અને બાળકીઓને ઈસ્લામીક સ્ટેટના અત્યાચારમાંથી છોડાવી છે. ઉલ્લેખનીય છે કે માદિયા ત્રણ મહિના બાદ કેદમાંથી છુટી હતી.

નોબલ વિજેતા ડેસમંડ ટુટુએ પોતાની પસંદગી પોપ ફ્રાંસિસ તેમજ અર્થશાસ્ત્રી હર્મન ડાલી પર ઉતારી છે.આ ઉપરાંત અફઘાની મહિલા સાયકલિંગ ટીમને પણ ૧૧૮ ઈટાલીયન લો-મેકર્સ દ્વારા મહત્વ આપવામાં આવ્યું છે.

## કેન્દ્રના અન્ન સુરક્ષા કાયદાનો ગુજરાતે અમલ ન કરતાં સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ટીકા કરી

યોગેન્દ્ર યાદવના સંગઠને જાહેર હિતની કરેલ અરજીના અનુસંધાને સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ટીકા કરી હતી.કોર્ટે કહ્યું હતું કે સંસદમાં બનેલો કાયદો ગુજરાતને લાગુ પડતો નથી ?ગુજરાત સરકારને સુપ્રીમના સવાલ મનરેગા,ખાદ્ય સુરક્ષા અને મધ્યાહન ભોજન જેવી યોજનાઓની સ્થિતિનો રાજ્યવાર ચિતાર મેળવવા કેન્દ્ર સરકારને આદેશ.

ખાદ્ય સુરક્ષા કાનુન લાગુ ન કરવા માટે સુપ્રીમ કોર્ટે ગુજરાત સહિતના ૧૨ રાજ્યો કેન્દ્ર શાસિત પ્રદેશનોની આકરી ઝાટકણી કાઢી હતી.યોગેન્દ્ર યાદવના નેતૃત્વ હેઠળ ચાલતી સંસ્થા સ્વરાજ અભિયાને સુપ્રીમ કોર્ટમાં આઈપીએલ ફાઈલ કરી હતી.જેમાં દાવો કરાયો હતો કે કેટલાક રાજ્યોએ કેન્દ્ર સરકારે પસાર કરેલો ખાદ્ય સુરક્ષા કાનુનને લાગુ કર્યો નથી.

દુકાળની સ્થિતિ સામે લડતાં હોવા છતાં ગુજરાત-બિહાર-હરિયાણામાં ખાદ્ય સુરક્ષાના કાયદાની અવગણના કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે આ પીઆઈએલના સંદર્ભમાં આકરી ટીકા કરતાં જણાવ્યું હતું કે ગુજરાત ભારતનો હિસ્સો નથી ?શું સંસદમાં બનેલો કાયદો ગુજરાતમાં લાગુ પડતો નથી ?ગુજરાત-હરિયાણા સહિતના રાજ્યોએ દુકાળની સ્થિતિ સામે લડવા શું કર્યુ ? આ રાજ્યોએ અત્યાર સુધી દુકાળની પરિસ્થિતિ કેમ જાહેર કરી નથી. આ સવાલો સાથેજ સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને જવાબ રજુ કરવા માટે આદેશ આપ્યો હતો.

ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ,ઉત્તર પ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઓરિસ્સા, ઝારખંડ,બિહાર, હરિયાણા અને છત્તીસગઢની આ બાબતે સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી હતી.

સુપ્રીમે સંસદસભા દ્વારા પસાર થયેલા કાયદાની અવગણના બાબતે કહ્યું કે કાલે ઉઠીને કોઇ રાજ્ય ઈન્ડીયન પીનલ કોડને લાગુ કરવાની પણ મનાઈ કરી શકે ત્યારે કેન્દ્ર સરકાર શું કરશે ?કોર્ટે કહ્યું હતું કે રાજ્ય સરકારોને આ કાયદો લાગુ કરવા માટે શું પરેશાની નડે છે.ખાદ્ય સુરક્ષા ઉપરાંત મનરેગા અને મધ્યાહ ભોજન જેવી યોજનાઓની વર્તમાન સ્થિતિ અંગેનો ચિતાર મેળવવા માટે કોર્ટે આદેશ કર્યો હતો.

## નાઇજીરીયામાં બોકો હરામનો સફાયો વર્ષના અંત સુધી કરી દેવાશે :ચાડના રાષ્ટ્રપતિ ઇદ્રીસ દેબીએ જાહેરાત કરી

ચાડના રાષ્ટ્રપતિ ઈદ્રીસ દેબીએ જાહેરાત કરી હતી કે નાઈજીરીયાના બોકો હરામના જેહાદીઓની સાથે સંઘર્ષથી આતંકવાદી સંગઠનને ભારે નુકશાન પહોચાડવામાં મદદ મળી છે અને આ વર્ષના અંત સુધીમાં તેનો સફાયો કરી દેવાશે.દેબીએ જણાવ્યું હતું કે બોકો હરામ લગભગ પુર્ણ થઈ ગયું છે. હવે કેટલાક નાના સમુહ કેમરુનની સીમા નજીક પુર્વ નાઈજીરીયામાં ફેલાયેલા છે.

જો કેનાઈજીરીયામાં ઈસ્લામી ચરમપંથી બોકો હરામના હુમલામાં ૮૬ લોકોના મોત નિપજયા હતા.હુમલામાં બચી જનારે કહ્યુ હતું કે બોકો હરામના સભ્યોએ મકાનોમાં આગ લગાવી દીધી હતી.અધિકારીઓ મુજબ, દલોરી ગામ અને તેની નજીક સ્થિત બે શિબિરો પર હુમલો કરાયો હતો.હુમલામાં લાશો સળગી ગઈ હતી અને તેની પર ગોળીઓના નિશાન હતા.લોકોના જણાવ્યા મુજબ આત્મઘાતી હુમલો હતો.ઉલ્લેખનીય છે કે બોકો હરામનુ છ વર્ષથી ચાલતુ આ ક્રુર શાસન નાઈજર,ચાડ અને કેમરુનને પોતાની લપેટમાં લઈ ચુક્યું છે.અમેરિકાએ આફ્રિકી મહાદ્વીપમાં નાઈજીરીયા અને આસપાસના ભાગોમાં સક્રિય આતંકવાદી સંગઠન બોકો હરામ સામે લડવાનો ઉદ્દેશ પ્રાદેશિક સેના તૈયાર કરવા માટે પચાસ લાખ ડોલરની મદદ કરવા માટે યોજના બનાવી રહ્યા છે.

જો ખરેખર ચાડના રાષ્ટ્રપતિની જાહેરાત મુજબ બોકો હરામનો સફાયો થઈ જતો હોય તો નાઈજીરીયાના લોકોને રાહત થશે.

**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# આદિજાતિ સમુદાયના સમાંતર વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ

## આદિવાસી ક્ષેત્રનો સર્વાંગી વિકાસ

★ વનબંધુ કલ્યાણ યોજના : વર્ષ ૨૦૧૫-૧૬માં આદિજાતિ પરિવારોને સ્વરોજગાર દ્વારા સ્વાવલંબી બનાવવા, આદિવાસી યુવાઓને ઉચ્ચ કૌશલ્યની તાલીમ આપવા, કૃષિ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર,ખેતીવાડી પાર્ક અને કોલ્ડ સ્ટોરેજ સ્થાપવા,વાડી યોજના પર ખાસ ધ્યાન તથા સરહદી વિસ્તારના આદીવાસી કુટુંબોને દુધાળા પશુ આપવાની વિશેષ જોગવાઇ

★વનવાસી ક્ષેત્ર કૃષિ અને દુધ ઉત્પાદનમાં અગ્રેસર : આદિજાતિ પરિવારોની આવક બમણી કરવા વનબંધુ કલ્યાણ યોજનાનો અસરકારક અમલ : આદિજાતિ યુવાઓને ઉચ્ચ રોજગારલક્ષી તાલીમ, આદિજાતિ ખેડુતોને આધુનિક કૃષિના લાભ, આદિજાતિ મહિલાઓને દુધાળા પશુ અને સંલગ્ન લાભ

★ખેતીવાડી માટે આધુનિક બિયારણ,શાકભાજી વાવેતર, સુધારેલા ઓજારો,ખેતી માટે ટ્રેક્ટર અને આધુનિક સાધનોના લાભ, ડ્રીપ ઇરીગેશન દ્વારા ફુલો અને શાકભાજી તથા બાગયત ખેતી જેવા વિવિધ લાભોથી ૫૭૦૦૦૦આદિજાતિ લાભાર્થીઓને આવરી લેવાયા

★દુધ સંજીવની યોજનાઃ આદિવાસી વસ્તીવાળા ૨૮ તાલુકાઓમાં સાત લાખ બાળકોને દરરોજ દુધ સંજીવની યોજનાનો લાભ

★આદિવાસી યુવાઓને ધર્નુવિધા કૌશલ્યથી સજ્જ કરવા છોટાઉદેપુર ખાતે રાષ્ટ્રીયસ્તરનું ધર્નુવિધા પ્રશિક્ષણ કેન્દ્ર ઊભુ કરવા રૂ.૫ કરોડની જોગવાઇ

★સંકલિત ડેરી વિકાસ સહાય કાર્યક્રમ : વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી ૮૦૬૬૯ લાભાર્થીઓને દુધાળા પશુઓનો લાભ અપાયો : ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં ૨૨૮૭૬ આદિજાતિ મહિલાઓને રુ ૧૧કરોડના ખર્ચે દુધ ઉત્પાદન દ્વારા સીધી આવકવૃધ્ધિ

★હાટ બજાર : આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત હાટબજાર : પ્રથાના જતન માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ સાથે ૧૪ સ્થળોએ પુર્ણ સુવિધાઓવાળા હાટ ઉભા કરવાનું આયોજન

★ઉચ્ચ અભ્યાર માટે ખુલ્યા દ્વાર : મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ગુજકેટની પરીક્ષામાં આદિજાતિ વિદ્યાર્થીઓ ઉંચુ પરિણામ હાંસલ કરી શકે તે હેતુસર આદિજાતિ જિલ્લાઓમાં ગુજકેટની વિનામુલ્યે તાલીમ : વર્ષ ૨૦૧૩-૧૪માં આદિજાતિના ૪૨૩ વિદ્યાર્થીઓ એ વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૫૮ વિદ્યાર્થીઓ સફળ

★આદિજાતિ વિસ્તારોમાં જંગલ જમીન ખેડતા અને તેના ઉપર નિર્વાહ કરતાં ૭૫૩૭૫ આદિજાતિ પરિવારોને જંગલની જમીન ખેડવાના અધિકારો : આદિજાતિ સમુદાયોને શાળા,આંગણવાડી,રસ્તા,પાણી પુરવઠો જેવી સુવિધાઓ માટે ૪૫૬૯ સામુદાયિક દાવાઓ મંજુર

★ગુજરાત સરકારની ઐતિહાસિક પહેલ : ૭૫થી વધુ ખાતેદારો હોય તેવા ૧૯૬ વનવસાહતી ગામોને મહેસુલી દરજ્જો

**“ વનબંધુ કલ્યાણ યોજનાએ આદિજાતિઓની પરંપરા અકબંધ રાખીને વિકાસનો ગતિશીલ માર્ગ કંડાર્યો છે.”**

શ્રીમતી આનંદીબેન પટેલ,
મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય

## રેલ્વેમાં મુસાફરોને ૧લી માર્ચથી હવે પેપર ટીકીટ નહીં મળે

રેલ્વે રિઝર્વેશન ટિકિટ પેપરલેસ બનાવવાની યોજના નિર્ણાયક તબક્કામાં પહોચીં ગઇ છે. હવે ૧લી માર્ચથી રેલ પ્રવાસીઓને કાગળની ટીકીટ નહીં પણ મેસેજ મળી જશે.જે તેમની મુસાફરી દરમિયાન માન્ય બની રહેશે અને મેસેજને જ જે તે ટિકિટ તરીકે રજુ કરી શકશે.એકમાત્ર અમદાવાદના જ રિઝર્વેશન કાઉન્ટર ઉપરથી રોજની દોડતી ૨૫૦૦ ટ્રેનથી વધુના રિઝર્વેશન માટે અંદાજીત એક લાખ જેટલી ટિકીટો નિકળે છે.રોજની પેપર ટિકિટોને કારણે રેલ્વેને પડી રહેલા ભારણના કારણે ૧લી માર્ચથી રેલવે મુસાફરો કાઉન્ટર પરથી રિઝર્વેશન ટિકિટ બુક કરાવે કે ઓનલાઇન ટિકિટ બુક કરાવે તો તેમણે ફોર્મમાં ભરેલા નંબર પર મેસેજ આવશે, જે ટિકિટ તરીકે રજુ કરી શકશે. પેપરલેસ ટિકિટ યોજના અમલી બનતાંની સાથે જ રેલ્વે મુસાફરને કોઇપણ કારણસર પેપર ટીકીટ જોઇતી હશે તો રૂા.૪૦ વધુ ચુકવવાના રહેશે.

## ગૌમાંસ વિના ન ચાલતું હોય તેમણે હરિયાણા ન આવવું : અનિલ વીજ

હરિયાણાના આરોગ્યપ્રધાન અનિલ વીજ પોતાના નિવેદનોથી વારંવાર ચર્ચામાં આવતા હોય છે. તાજેતરમાં તેમણે ફરીથી એકવાર વિવાદીત નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું છે કે જે લોકો ગૌમાંસ ખાધા વિના રહી ન શકતા હોય તેઓ હરિયાણા આવે નહીં.અંબાલામાં પત્રકારો સાથે ચર્ચા કરતાં વિજે કહ્યું હતું કે દુનિયામાં ઘણા દેશ એવા છે જ્યાં ખાનપાન અંગે ભારતીયો ત્યાં નથી જતા.તે પ્રમાણે જેમને ગૌમાંસ વિના ન ચાલતું હોય તે હરિયાણા ન આવે.

દરમિયાન વીજના નિવેદન અંગે હરિયાણાના મુખ્યમંત્રી ખટ્ટરે સ્પષ્ટતા કરતાં કહ્યુ હતું કે ગૌમાંસ પર પ્રતિબંધ મુકવાના મુદ્દે કોઇ વિવાદ નથી.કોઇએ આ મુદ્દે સરકારનો સંપર્ક કર્યો નથી. આ અંગેનો કાયદો ઘડીને અમલમાં મુકી દેવાયો છે. તેઓ હેપનીંગ હરિયાણા નામના મુડીરોકાણ અંગેના રોડ શોના કાર્યક્રમમાં ભાગ લેવા ચેન્નાઇ આવ્યા હતા.અને પત્રકારો સાથે ચર્ચા કરી હતી.

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઇટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

૧૯૨૭માં આવેલી સાઇલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

## ફિલ્મ જગતના મશહુર સંગીતકાર ખય્યામ સાહેબે જન્મદિને બધી જ સંપત્તિનું દાન કર્યું




ફિલ્મ જગતના વિખ્યાત સંગીતકાર ખય્યામ સાહેબનો ૯૦મો જન્મ દિવસ ઉજવતાં તેમણે જન્મ દિવસે ભેટ સ્વીકારવાને બદલે ઊભરતા સંગીતકારોને અનોખી ભેટ આપવાની જાહેરાત કરી હતી.તેમણે પોતાની ૧૨ કરોડ રુપીયાની સંપત્તિનું દાન કરી દીધું હતું.અને તેમાંથી ટ્રસ્ટ બનાવીને ઉભરતા સંગીતકારોને તક આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ખય્યામ અને તેમની પત્ની એક જમાનાના ગાયિકા જગજિતકૌરના નામે ટ્રસ્ટની રચના કરવામાં આવશે અને તેના મુખ્ય ટ્રસ્ટી તરીકેની જવાબદારી જાણીતા ગઝલ ગાયક તલત અઝીઝ અને તેમના પત્નીને આપવામાં આવી છે.૧૮ ફેબ્રુઆરીએ જન્મેલા ખય્યામ સાહેબ ફિલ્મ સંગીતના લિજેન્ડરી સંગીતકાર છે અને તેમણે કેટલીક યાદગાર ધુનો બનાવી હતી.કભી કભી અને ઉમરાવ જાન માટે તેમને ફિલ્મફેર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.૨૦૧૦માં લાઇફટાઇમ એચિવમેન્ટ આપીને તેમના પ્રદાનની કદર કરવામાં આવી હતી.

૧૯૪૭થી તેમણે ફિલ્મ સંગીતના ક્ષેત્રમાં કારકિર્દી શરુ કરી હતી.વો સુબહ કભી તો આયેગી ફિલ્મમાં તેમણે સંગીત પીરસ્યું હતું. અને તેમના કામની નોંધ લેવાઇ હતી.

તેમણે ઘણા લાંબા સમય સુધી ફિલ્મ જગતમાં સંગીતકાર તરીકે કામ કર્યું હતું. છેક ૧૯૪૭થી ૧૯૯૦ સુધી તેઓએ સંગીત પીરસ્યું હતું.

## ભારતીય જનતા પાર્ટીના સાંસદ ગોપાલ શેટ્ટીને ખેડુતોની આત્મહત્યા ફેશન લાગે છે

ભારતીય જનતા પાર્ટીના પ્રથમવાર સાંસદ બનેલા ગોપાલ શેટ્ટીએ બોરીવલીમાં આયોજિત એક સમારોહમાં વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. જો કે આમ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો,નેતાઓ કે ટોચની કેટલીક નેતાગીરીને આવા વિવાદાસ્પદ નિવેદન કરવા એ જાણે કે ફેશન બની ગઇ છે. પોતે પક્ષનો સહુથી વફાદાર અને દમદાર નેતા છે તેવી છાપ ઉભી કરવા માટે નિવેદનો ઠોકી દે છે. પછી ભુલ સમજાય ત્યારે તેને બદલવા માટે પ્રયત્ન કરે છે.મીડીયાએ તોડી મરોડીને રજુ કર્યું છે અને તેમનો કહેવાનો અર્થ આવો નથી તેવી રજુઆતો કરે છે.પરંતુ કમાનસે નીકલા તીર ઓર જબાને સે નીકલા શબ્દ વાપસ નહી આતા.આ સમજ આ નેતાઓને નથી.

ગોપાલ શેટ્ટીએ નિવેદન કર્યું કે ખેડુતોની આત્મહત્યા એક ફેશન બની ગઇ છે.બધા ખેડુતો બેરોજગારી અને ભુખમરાને કારણે આત્મહત્યા કરતાં નથી. આ એક ફેશન બની ગઇ છે.મહારાષ્ટ્ર સરકાર આવા કેસોમાં પાંચ લાખનું વળતર આપે છે.તો પાડોશી રાજ્યમાં કે બીજી કોઇ સરકાર સાત લાખ રુપીયા વળતર આપી રહી છે.જાણે સરકાર અને ખેડુતો વચ્ચે વળતર આપવાને મામલે હોડ લાગેલી છે.મહારાષ્ટ્રમાં જાન્યુઆરી માસમાં જ ૧૨૪ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે.

આ વિવાદાસ્પદ નિવેદન બાદ અનેકોએ ટીકા કરતાં ગોપાલ શેટ્ટીએ જણાવ્યું હતું કે હું કોમ્પીટીશન શબ્દનો પ્રયોગ કરવા માંગતો હતો પરંતુ ફેશન બોલાઇ ગયું હતું.આમ તેમણે કરેલા બફાટ બાદ બચવાનો પ્રયાસ કર્યો હતો.

જયારે કોંગ્રેસના નેતા સંજય નિરુપમે જણાવ્યું હતું કે હાલ મહારાષ્ટ્ર જયારે તેના સૌથી વિકટ કૃષિ સંકટમાંથી પસાર થઇ રહ્યુ છે ત્યારે ગોપાલ શેટ્ટીએ કરેલું નિવેદન હજારો ખેડુતો પ્રત્યેની અસંવેદનશીલતા દર્શાવે છે.આ મામલે ગોપાલ શેટ્ટીએ ખુલાસો કરતાં કહ્યુ હતું કે વળતરમાં કોમ્પીટીશન વધી ગઇ છે.

જહોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે.

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૮૦૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.